**મે. અમીરગઢનાં જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.અમીરગઢ.**

**ક્રિમીનલ કેસ નં.૧/૨૦૧૯.**

**શ્રી સરકાર ...ફરીયાદી.**

**વિરૂધ્ધ**

**જયદિપસિંહ રણજીતસિંહ વાઘેલા, ...આરોપી.**
**રહે.સરગાસણ, તા.જી.ગાંધીનગર**

**ગુન્હો:– મોટર વ્હીકલ એકટની કલમ.૧૮૫ મુજબ:**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તારીખ.૩૧/૧૨/૧૮ ના રોજ કલાક.૧૫.૦૦ વાગેના સુમારે દિપકકુમાર નાનજીભાઈ અ.પો.કો. બ.નં.૮૪૭ વિગેરે પોલીસ સ્ટાફના માણસો ટ્રાફીક લગત વાહન ચેકીંગ પેટ્રોલીંગ દરમ્યાન અમીરગઢ બોર્ડર પોલીસ ચેક પોસ્ટ ઉપર એક વાહન ચાલક સર્પાકારે (હાલક ડોલક) થતુ આડા અવળુ ડ્રાઈવીંગ કરી ચલાવી લઈ આવતો હોઈ જેને આડું અવળું હંકારતો હોય તેને રોકી તેનું નામઠામ પુછતાં જયદિપસિંહ રણજીતસિંહ વાઘેલા હોવાનું તોતડાતી જીભે જણાવેલ અને સદરહુ ચાલકનું મોઢું સુંઘી સુંઘાડી જોતાં કેફીપીણું પીધેલાની વાસ આવતી હોય નીચે ઉતારી હલાવી ચલાવી જોતાં પોતાના શરીરનું સમતોલપણું જાળવી શકતો ન હતો અને આંખો નશાથી ઘેરાયેલ હતી. જેથી સદરહુ વાહન ચાલકને વગર પાસપરમીટ નશો કરેલ હાલતમાં વાહન હંકારી ગુનો કરેલ તે હકીકત મુજબની પ્રથમ બાતમી આધારે અમીરગઢ સે.ગુ.ર.નં.૧૫૨/૧૮ થી મોટર વ્હીકલ એકટની કલમ.૧૮૫ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ ત્યારબાદ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી માટે અત્રેની અદાલતમાં તારીખ. ૦૨.૦૧.૧૯ ના રોજ દાખલ કરવામાં આવેલ છે.

**(૨)** ચાર્જશીટ રજુ થતાં આરોપી વિધ્વાન ધારાશાસ્ત્રી શ્રી જે.આર.જોષી મારફતે હાજર થયેલ. ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ.૨૦૭ અન્વયે ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. આરોપીએ આંક.૩ થી કબુલાત પુરસીસ રજુ કરેલ છે. ફોજદારી કાર્યરીતિ સંહિતાની

કલમ.૨૫૧ અન્વયે આંક.૪ મુજબ નિવેદન લેતા ગુનો કબુલ હોવાનું જણાવી પ્રથમ ગુનો કરેલ હોય, ગરીબ કુટુંબ કબીલાવાળા માણસ હોય અને કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શિરે હોય ગુનાનું પુનરાવર્તન ન કરવાની ખાત્રી આપી રહેમ રાખવા અરજ કરેલ છે.

**(૩)** આરોપીએ રજુ કરેલ કબુલાત પુરસીસ વાંચી સંભળાવતાં સ્વેચ્છાપુર્વક ગુનો કબુલ રાખેલ હોય ન માનવાને કોઈ કારણ નથી તથા આરોપીએ પોતે પ્રથમ ગુનો કરેલ હોય તેમજ કુટુંબ કબીલાવાળા માણસ હોય અને કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શિરે હોય દયા કરવા અરજ કરેલ છે. આરોપી તરફેની રજુઆત ધ્યાને લેતા આરોપીને સબક સ્વરૂપે ઠરાવ્યા મુજબની સજા નહી કરતાં હળવી સજા કરવાથી ન્યાયનો હેતુ સરે તેમ હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**/// હુકમ ///**

એ. આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૫૨ અન્વયે મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૫ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હા અન્વયે તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા. ૧૫૦૦/-(અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન-૧૫ (પંદર) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

બી. તપાસ કરનાર અમલદારે મુદ્દામાલ પાવતી નં.**૨૪૧/૧૮** માં જણાવ્યા મુજબની એક મારૂતિ કંપનીની સ્વીફ્ટ ડીઝાયર જેનો રજી નં.**જી.જે.૧૮.બી.સી.૭૦૭૩** ની માલીકી તથા રજીસ્ટર્ડ ઓનર અંગેની ખરાઈ કરી મુદ્દામાલ વાહન પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

સી. સદરહુ હુકમની યાદી અમીરગઢ પોલીસ સ્ટેશને કરવી.

હુકમ આજરોજ તારીખ.૦૨, માહે.જાન્યુઆરી, સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.અમીરગઢ.<br>
તા.૦૨/૦૧/૨૦૧૯.

(ચંગીઝ મસવર રાઠોડ)<br>
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ<br>
અમીરગઢ.<br>
**GJ01238**